દિવ્ય ભાસ્કર , અમદાવાદ સિટી પેજ , તારીખ :- ૨૮|૦૯|૨૦૨૫

મુસાફરો કાલુપુર મેટ્રો સ્ટેશનથી વરસાદ કે ટ્રાફિકની મુશ્કેલી વગર સીધા રેલવે સ્ટેશને પહોંચી શકશે

# કાલુપુર મેટ્રોથી રેલવે સ્ટેશન વચ્ચે 75થી 90 મીટરના સબ-વે તૈયાર

**ભાસ્કર એક્સક્લુસિવ**

વિશાલ પારાશર | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા અન્ય ટ્રાન્સપોર્ટ એજન્સીઓ સાથે સુયોગ્ય સંકલન કરીને કાલુપુર મેટ્રો સ્ટેશનને રેલવે સ્ટેશન અને આગામી હાઈ સ્પીડ ટ્રેન સ્ટેશન સાથે જોડતો અંદાજે 75થી 90 મીટરનો કનેક્ટિવિટી સબવે તૈયાર કરાયો છે. મેટ્રોમાંથી ઉતર્યા પછી મુસાફરોને બહાર જવું ન પડે અને તેઓ એક મોડમાંથી બીજા મોડમાં સરળતાથી મુસાફરી બદલી શકે તે માટે GMRCએ રેલવે અને NHSRCLના સહયોગથી આ સબવેનું આયોજન કરવાની પહેલ કરી હતી. રેલવે દ્વારા પ્લેટફોર્મ નંબર 12 કાર્યરત કરાયા બાદ, મેટ્રો આગામી 1થી 2 મહિનામાં આ સબવે મુસાફરોની અવરજવર માટે ખુલ્લો મૂકશે. મેટ્રોએ આ સબવેને પ્લેટફોર્મ નંબર 12ના બહારના વિસ્તાર સાથે જોડ્યો છે, જેથી મુસાફરો ત્યાંથી જ રેલવે અને હાઈસ્પીડ ટ્રેન એમ બંને સેવાઓનો સીધો લાભ લઈ શકશે. આ નવો બનેલો સબ-વે પ્લેટફોર્મ નં.12ના મણિનગર અને સાબરમતી સ્ટેશન બંન્ને તરફના પ્લેટફોર્મ સાથે જોડાશે.

## આ કનેક્ટિવિટી સબવે કેવી રીતે કામ કરશે?




**એરપોર્ટ કનેક્ટિવિટી:** 2030ના કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને મેટ્રોને એરપોર્ટ સુધી લંબાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જેથી ભવિષ્યના મુસાફરો રેલવે સ્ટેશને ઉતરીને એરપોર્ટ માટે મેટ્રો પકડી શકશે.

**લિફ્ટ અને એસ્કેલેટર:** સબવેમાં પ્રવેશ્યા પછી લિફ્ટ અને એસ્કેલેટર મૂકવામાં આવ્યા છે. અહીંથી લિફ્ટની મદદથી મુસાફરો પ્રથમ માળે પ્લેટફોર્મ 12 અને બીજા માળે બુલેટ ટ્રેનના કોન્કોર્સ સુધી પહોંચી શકશે, તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર મુસાફરો પણ કનેક્ટ થઈ શકશે.

**ભવિષ્યનું આયોજન:** ભવિષ્યમાં મુસાફરોની સંખ્યામાં થનારા વધારાને ધ્યાનમાં રાખીને 80થી 100 મીટરના અંતરે આવા 2 સબવે તૈયાર કરાયા છે.

**સીધું જોડાણ:** મેટ્રો સ્ટેશનના ટિકિટિંગ અને સિક્યુરિટી કોન્કોર્સ વિસ્તારમાંથી શરૂ થતો આ સબવે રેલવે પ્લેટફોર્મ નંબર 12ના બહારના ભાગ સાથે સીધો જોડાયેલો છે

**વૃદ્ધો અને દિવ્યાંગો માટે સુવિધા:** લિફ્ટ અને એસ્કેલેટર સુવિધાથી મુસાફરો, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ વ્યક્તિઓ સરળતાથી એક ટ્રાન્સપોર્ટ મોડમાંથી બીજામાં જઈ શકશે.